વર્ષ : ૬ અંક : ૧ જુન–૨૦૨૩

# પલાશ

## ૫ જૂન

## વિશ્વ પર્યાવરણ દિવસ






શ્રી ઝવેરચંદ મેઘાણી

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

સુરેન્દ્રનગર

# STEM LAB હેન્ડ્સ ઓન અંતર્ગત વિજ્ઞાન અને ગણિત તાલીમ તથા ધો. ૫ અંગ્રેજી તાલીમ



















વર્ષ : ૬

# પલાશ

અંક : ૧

**અધ્યક્ષ** : ડૉ. સી. ટી. ટૂંડિયા
**તંત્રી** : ડૉ. કોમલબહેન આર પંડયા
**સહતંત્રી** : ડૉ. રાજનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડયા
ડૉ. સુમનબહેન જી. પંડયા
ડૉ. પીયૂષભાઈ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ
ડૉ. કેતનભાઈ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઈ વાઘેલા
શ્રી હિતેશભાઈ ઠાકર
શ્રી જાતુશભાઈ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
ડૉ. નીતિનભાઈ પંચાલ
શ્રી ધનજીભાઈ વાલેરા
શ્રી મુકેશભાઈ બદ્રેશિયા
શ્રી પુનાભાઈ વકાતર

## અધ્યક્ષીય...

વર્ષાઋતુમાં મેઘરાજાનું આગમન થયું છે અને વર્ગખંડોમાં બાળરાજાઓનું. વર્ગખંડો બાળકો વિના અધુરાં છે અને પ્રકૃત્તિ વરસાદ વિના. ધોમધમતા તાપ પડ્યા પછી વરસાદના અમીછાંટણા આપણને ભીંજવે છે તેમ વેકેશન પછી બાળકોનો કિલકિલાટ વર્ગખંડોને ભરી દે છે.

ડાયટ દ્વારા ટુંક સમયમાં CRC-BRC કક્ષાના વિજ્ઞાન -ગણિત-પર્યાવરણ પ્રદર્શનો, Innovation Fair, કલા મહોત્સવ, વાર્તા સ્પર્ધા, બાળમેળાનું આયોજન થનાર છે. જે તમામ પ્રવૃત્તિઓના કેન્દ્ર સ્થાને બાળકો છે. બાળકો ગુણવત્તા મુજબ શિક્ષણ પ્રાપ્ત કરી આદર્શ વિદ્યાર્થી-નાગરિક બને તે માટેની આ બધી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ છે.

ચાલો... આપણે સૌ વર્ષ ૨૦૨૩-૨૪નાં વર્ગમાં અધ્યયન નિસ્પત્તિઓને ધ્યાને રાખી અધ્યયન-અધ્યાપન કાર્ય કરાવીને શ્રેષ્ઠ શિક્ષણ આપીએ. વર્ષાઋતુ ચાલે છે તો વૃક્ષારોપણ કરી પ્રકૃત્તિ-પર્યાવરણની સેવા પણ કરીએ....

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩ ૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭

E-mail : palash.dietsnr@gmail.com
Blog : dietsurendranagar.blogspot.com
Website : www.dietsnr.org

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | હું શિક્ષક, શિક્ષક થાઉં તો ઘણું...! | 03 |
| 2 | શ્રમિક સેવા ટ્રસ્ટ | 06 |
| 3 | પર્યાવરણ સંરક્ષણમાં મહિલાઓની ભૂમિકા | 07 |
| 4 | વાંચે તે વિચારે | 09 |
| 5 | ગણિત-વિજ્ઞાન તાલીમ / અંગ્રજી તાલીમ | 10 |
| 6 | ''ડીજીટલ મેથ્સલેબ''-ગણિત શિક્ષણનું એક ઓનલાઇન પ્લેટફોર્મ | 11 |
| 7 | અજયનો વિજય (સંઘર્ષ કથા) | 12 |
| 8 | તમારા બાળકોને કિંમતની કિંમત ખબર છે ? | 14 |
| 9 | ચાલ બીરબલ બુદ્ધિ ચલાવ- સામાજિક ઇનલવેશન | 16 |


# લેખકો માટે

- પલાશ માટેના લેખ શ્રુતી ફોન્ટ, સાઈઝ 12 માં કોમ્પ્યુટરાઈઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવા અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહી.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. એ અંગેનો વિશેષ પત્ર વ્યવહાર કરવો નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતાં વિચાર-વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

## હું શિક્ષક, શિક્ષક થાઉં તો ઘણું...!

આપણે શિક્ષક બન્યા છીએ ત્યારે પોતાના અસલ સત્વ સાથે , અંતરના ઓજસ પ્રગટાવીને, શિક્ષકત્વના ઉમંગ- ઉત્સાહ ભરીને ભારતનું ભાવિ વર્ગખંડોમાં ઘડવાના હેતુસર ચાલો, તરૂણોના પિંડ ઘડીએ.... વર્ગખંડમાં શિક્ષક-વિદ્યાર્થીના પ્રત્યક્ષ શિક્ષણકાર્યને વધાવીએ અને ઉજાગર કરીએ. .

શિક્ષકે મૂળભૂત રીતે તો બૌદ્ધિક કાર્યો કરવાનાં છે.તેમાં અધ્યયન પ્રવૃત્તિઓનું સંગઠન, પૂર્વ નિર્ધારિત ધ્યેય સિદ્ધ કરવાનું આયોજન, અધ્યેતાની કક્ષા નક્કી કરવી વગેરે. જે ક્ષેત્ર-વિષયમાં તેને કામ કરવાનું છે તે શિક્ષણશાસ્ત્ર એક વિજ્ઞાન છે. તેનો ઉપયોગ કરીને શિક્ષણ કાર્યની સામગ્રી પ્રાપ્ત કરી તેને વિદ્યાર્થીભોવ્ય બનાવીને વહેંચવાનું કામ શિક્ષકનું છે. એ વખતે પ્રત્યાયન પ્રયુક્તિઓમાં વૈવિધ્ય લાવવાનું છે. પોતાની કાર્યક્ષમતાથી પ્રત્યાયનનો ઉપયોગ કરવાનો છે. શિક્ષકના વ્યવસાયના નિશ્ચિત ધારાધોરણોનું પાલન કરવાનું છે. સ્વેચ્છાએ આ વ્યવસાય પોતે સ્વીકાર્યો છે. તેથી પોતાના વિષય પરના પ્રભુત્વના આધારે લાંબા સમય સુધી તેનો સતત અભ્યાસ અને વિદ્યાર્થીઓ સુધી યોગ્ય સ્વરૂપમાં તેને પહોંચાડવાનું કાર્ય કરવાનું છે. પોતાના વ્યવસાયિક કાર્યોમાં ઉચ્ચકક્ષાની સ્વાયત્તતા લાવવાની છે. ધ્યેય નિર્ધારણથી શરૂ કરી, મૂલ્યાંકન સુધી સમગ્ર અધ્યાપન પ્રવૃત્તિઓમાં શિક્ષકે પોતાનાં મંતવ્યો, અનુભવો અને જ્ઞાનનો ઉપયોગ કરવાનો છે. આ માટે પોતાનામાં શિક્ષક તરીકેનાં આવશ્યક એવાં ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓ વિકસાવવાનાં છે. કોરોનાના કપરા કાળમાંથી લાંબા સમયે શાળાકાર્યના પુનઃ પગલાં માંડીએ છીએ ત્યારે વિદ્યાર્થીઓ સામે પ્રત્યક્ષપણે આવવાનો આનંદ હોય છે. પ્રત્યેક શિક્ષકને કેન્દ્રમાં રાખી કહેવાનું મન થાય છે કે પોતાના મૂળ સ્વરૂપે શિક્ષકત્વ સાથે, 'શિક્ષકો, વ્હાલા પુનઃ પધારજો રે...! તેથી અહીં 'શિક્ષક હોવું' તેનું સ્મરણ તાજું કરવાનો ઉપક્રમ છે

શિક્ષકનો વ્યવસાય એક નૈતિક વ્યવસાય છે. એ દ્રષ્ટિએ શિક્ષકે નીતિમત્તાથી સભર રહેવાનું. શિક્ષણ એક ગત્યાત્મકમ અને પરિવર્તનશીલ પ્રવૃત્તિ હોવાથી શિક્ષકે સતત નવું જ્ઞાન મેળવવાનું હોય છે. નવા જ્ઞાન અને અગાઉ મેળવેલા જ્ઞાન વચ્ચે સંતુલન અને સંયોજન કરવાનું ભગીરથ કાર્ય શિક્ષકે કરવાનું છે. શિક્ષક એ સમાજનો મહત્વનો સભ્ય છે. અન્ય વ્યવસાયોની તુલનામાં શિક્ષકના વ્યવસાયને ઘણી ઉચ્ચ દ્રષ્ટિએ મૂલવવામાં આવ્યો છે. એટલે પોતાનામાં નૈતિક મૂલ્યો જેવાં કે પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, નિયમિતતા, કાર્ય પ્રત્યેનું સમર્પણ વગેરે ખાસ વિકસાવવાનાં છે. પોતે ઉપદેશાત્મક રીતે શીખવવાને બદલે બોધાત્મક રીતે શીખવવાનું છે. આ ખ્યાલ સાથે પોતાનું આચરણ -વર્તન એવું પ્રગટ કરવાનું છે કે વિદ્યાર્થીઓ તે જોઈને શીખે. તેવા પ્રેરણામૂર્તિ બનવાનું છે. 'કૂવામાં હોય તો હવાડામાં આવે' એ ન્યાયે શિક્ષકના વર્તન વ્યવહાર પરથી વિદ્યાર્થીના જીવનમાં તેનું સંક્રમણ થતું રહે છે.

શિક્ષકમાં માનવીય ગુણો જેવા કે દયા, પ્રેમ, કરુણા, સહકાર, સમર્પણ, ઋજુતા વગેરેનો

સ્વાભાવિક આવિર્ભાવ થયેલો હોય. શિક્ષણના પ્રત્યાયન વખતે સંદેશાની આપ-લે થાય છે. ત્યારે સંદેશવાહક તરીકે પોતાના વિચારો, અધ્યયન સામગ્રી, વક્તવ્ય સ્વરૂપે વિદ્યાર્થીઓ સામે રજૂ થવાનાં. તેની સામેના સમૂહ એટલે કે વિદ્યાર્થીઓ દ્વારા પણ કંઈક કંઈક રજૂ થવાનું. જેમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો, ઉદાહરણો, દ્વિધાઓ વગેરે રજૂ થતાં હોય છે. વિદ્યાર્થીપક્ષે રજૂ થતી આ બાબતોને યોગ્ય રીતે સાંભળી, તેનું યોગ્ય અર્થઘટન કરી, પ્રશ્નોનું નિરાકરણ આપી, ઉદાહરણોની યોગ્ય તપાસ, દ્વિધાનું નિરાકરણ કરવાનું શિક્ષકની ફરજમાં છે. આ ન કરે તો શિક્ષક વ્યવસાયે નિષ્ફળ ગયો તેમ કહેવાય.વિષયવસ્તુ ઉપરના પ્રભુત્વ ઉપરાંત શિક્ષકમાં જે તે વિષયવસ્તુને અસરકારક રીતે વિદ્યાર્થીઓની સમજને અનુરૂપ રૂપાંતરણ કરવાનું આગવું કૌશલ જરૂરી છે. શિક્ષક ગમે તેટલો વિદ્વાન હોય કે વિષયવસ્તુમાં માહેર હોય પણ જો તે વિદ્યાર્થીઓની કક્ષા સુધી પહોંચી ન શકે તો તેની વિદ્વત્તા શિક્ષક તરીકે કોઈ ખપની નથી.

શિક્ષણની આધુનિક પધ્ધતિ-પ્રયુક્તિની પસંદગી અને તેનું અમલીકરણ શિક્ષકે કરવાનું છે. આધુનિક ટેક્નોલોજીનાં સાધનો અને માધ્યમોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને વર્ગખંડમાં પ્રત્યાયનને અસરકારક બનાવવાનું છે. માનવ સ્વભાવના શ્રેષ્ઠતમ સદગુણોના આવિર્ભાવના સ્વરૂપમાં ઉધ્વીકરણ થાય તેવું શિક્ષકનું વ્યક્તિત્વ ઘડતર હોવું ઘટે. વિદ્યાર્થીઓને સમજણ આપે, નિદર્શન આપે અને જરૂર જણાય તે તબક્કે શિક્ષક પ્રેરણા આપતો રહે. શિક્ષક એક વ્યક્તિ તરીકે વિદ્યાર્થીઓનું સન્માન કરે .શિક્ષક સ્વભાવે માયાળુ અને પ્રેમાળ બની રહે તે જરૂરી છે. દરેક વિદ્યાર્થી પ્રત્યે સમાન દ્રષ્ટિવાળો શિક્ષક, જેને કોઈ નજીક નહીં, કોઈ દૂર નહીંનો વ્યવહાર વિદ્યાર્થીઓ સાથે રહેતો હોય. બધા વિદ્યાર્થીઓ સાથે જીવંત સંપર્ક રાખવાની ક્ષમતા શિક્ષકમાં હોવી જરૂરી છે. શિક્ષકને મન પોતાની વ્યવસાયિકતાને જ પ્રાધાન્ય હોય.

સ્વભાવે આનંદી, ઉત્સાહસભર અને હકારાત્મક અભિગમ ધરાવતો શિક્ષક સફળ થાય છે. પોતે હંમેશા સ્પષ્ટ અને સત્યવક્તા હોય .વિદ્યાર્થીઓના ભાવિ જીવન માટે ઉપયોગી શિક્ષણના પાઠ આપવા માટે પોતાની સજ્જતા અને તત્પરતા દાખવે. પોતે નિર્વ્યસની રહે. રહેણી કહેણી અને પહેરવેશમાં સ્વચ્છતા અને સંયમી બની રહે. જેથી વિદ્યાર્થીઓને સંસ્કૃતિનો બોધ પ્રાપ્ત થાય. પોતાના આચાર અને વિચારમાં સમાનતા જોવા મળે.શિક્ષક તરીકેનાં ઉત્તમ અને અપેક્ષિત લક્ષણો ધરાવતો હોય. તે કોઈ એક જ બંધિયાર ચીલામાં રહેતો નથી .તે અનુકરણના અવિચારીપણાનો ગુલામ બનતો નથી. સ્વાભાવિક બુદ્ધિ અને સહજ સૂઝનો પોતે લોકહિતની કેળવણીમાં ઉપયોગ કરે છે.

શિક્ષણની નવી દિશાઓ શોધવા અને તે અંગેના પ્રયોગો હાથ ધરવા માટે પોતે સક્ષમ બને. તેની સામે આવતા જોખમો દૂર કરવાની તેનામાં હિંમત હોય. પોતાના હૃદય અને મન સાફ રાખે. કારણ કે વ્યગ્ર મન, પોતાની મહેચ્છાઓમાં ખોવાયેલા શિક્ષકને વિદ્યાર્થીઓ તરફી યોગ્ય સમજ કે ડહાપણથી દૂર રાખે છે. વિદ્યાર્થી સમૂહની ક્ષમતાઓ પર તેને વિશ્વાસ હોય તે ખરો શિક્ષક ગણાય. વિદ્યાર્થીઓની નાની-નાની પ્રવૃત્તિઓ પર કૌશલ્ય કેન્દ્રીય અભિગમની એ ચકાસણી કરતો હોય. સાથીઓ સાથે પણ આ કેન્દ્રિત અભિગમ અપનાવતાં અન્ય સાથી મિત્રોની ચકાસણી કરવાને બદલે તેમાંથી વ્યક્તિગત રીતે પોતે જે

કૌશલ્યો વિકસાવવાની પ્રેરણા મળે તેના પર ધ્યાન આપતો હોય. જૂથ કે સમૂહના વ્યવસાયિકોના મોટાભાગનાના મતો- વિચારોને ખુલ્લાપણા સાથે સ્વીકારતો હોય. વધુ મંતવ્યોનો સ્વીકાર કરવાની ક્ષમતા ધરાવતો હોય.

શિક્ષણ પ્રત્યેની પોતાની અભિરુચિ શિક્ષકે કેળવવાની અને એ દ્વારા પોતાના વિદ્યાર્થીઓને પણ તેમ કરવાની પ્રેરણા આપવાની છે. શિક્ષણ વિશે પ્રાપ્ત થતાં નવાં મંતવ્યો અને વિચારોને પોતે મહત્વ આપે, પ્રશંસા કરે અને યોગ્ય હોય તેવી બાબતોનો વ્યવહારમાં અમલ કરે. પૂર્વગ્રહથી પીડાયા વિના ઉત્તમ બાબતો સ્વીકારવી, તપાસવી અને પોતાની વ્યક્તિગત મર્યાદાઓ સમગ્ર સમૂહની મર્યાદા ન બને કે તેને નુકસાનકર્તા ન બને તેનું ધ્યાન રાખવું. પોતે શાળાસંકુલનો એક સભ્ય છે, સામૂહિક શક્તિ અને ક્ષમતામાં પૂર્ણ વિશ્વાસ રાખીને કામ કરવાનું છે. સમૂહકાર્ય કરવાની પ્રણાલી જે દિશામાં જઈ રહી હોય તે દિશામાં અપેક્ષિત પરિણામ મેળવવાની સંભાવનાઓનો શિક્ષકે વિચાર કરવો. અમુક નિશ્ચિત સમયગાળા માટે પરિણામલક્ષી કાર્ય પાર પાડવાનું હોય ત્યારે ધીરજ ધગશ, ખંત, કર્તવ્યનિષ્ઠા, ઉત્સાહ અને ઉમંગથી તે દિશામાં આગળ વધીને મનોધૈર્ય સાથે સાચો શિક્ષક અસરકારક પરિણામો લાવી શકે છે.ઉપરોક્ત વિચારોને અમલમાં મૂકતા જઈએ ત્યારે મનમાં એક સંકલ્પ ગૂંજતો રહે કે, 'હું શિક્ષક, શિક્ષક થાઉં તો ઘણું. ' આ પવિત્ર કાર્યમાં વિદ્યાર્થીઓ સામે મારા આ દ્રઢ સંકલ્પ સાથે પ્રત્યક્ષ વર્ગશિક્ષણમાં જોડાઉં છું. તેનો મને આનંદ છે.

- ડૉ. મનહર ઠાકર
પૂર્વ પ્રિન્સિપાલ
શ્રી ગુલાબરાય હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર
Mo.No. 9426851290

**શ્રી જયેન્દ્રભાઇ જે. જોષી – નિવૃત્તિ સમારંભ**



**:: શુભેચ્છા ::**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરમાં
પી.એસ.ટી.ઇ. શાખામાં વ્યાખ્યાતા
તરીકે ફરજ બજાવતા
શ્રી જયેન્દ્રભાઇ જે. જોષી
તા. 30–0૬–૨૦૨૩ ના રોજ વયનિવૃત્ત થતા
ડાયેટ પરિવાર તેમને વય નિવૃત્તિની શુભેચ્છા પાઠવે છે.
ઈશ્વર તેમને નિરોગી, દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન પ્રદાન કરે,
તેમના જીવનમાં સુખ અને શાંતિ પ્રાપ્ત કરે તેવી
ડાયેટ પરિવાર તરફથી શુભેચ્છા...**

## શ્રમિક સેવા ટ્રસ્ટ

1986 માં કચ્છના નાના રણ તરીકે ઓળખાતા વિસ્તારમાં મીઠું પકવતા અગરિયાઓની હાડમારીથી ચિંતિત ગુજરાતના અર્થશાસ્ત્રી અને ખેડૂતના હિતરક્ષક સનતભાઇ મહેતા સુરેન્દ્રનગરમાં અરવિંદભાઈ આચાર્યના આગ્રહ થી સર્વે નંબર શૂન્ય તરીકે ઓળખાતા રણ વિસ્તારમાં આવ્યા. એ સમયે સુરેન્દ્રનગર જિલ્લો એકાંતરા દુકાળ થી ત્રસ્ત હતો. પાણીની કાયમી તંગી ભોગવાનાર આ જિલ્લો આખા ભારતનું પોણા ભાગનું મીઠુ પકવતો હતો પણ એ મીઠું પકવનારની જિંદગી ખારી ધૂસ હતી. આજે પણ જોકે બહુ સારી નથી પણ દાયકાઓ પહેલા અગરિયાઓ માટે પ્રાથમિક સુવિધાનો સદંતર અભાવ હતો. રણમાં પાટા કરી આઠ મહિના રહેનાર અગરિયાઓ શિક્ષણથી મોટાભાગે વંચિત હતાં. આજે તો અનેક સ્કૂલ થઈ ગઈ છે પણ એ સમયે અગરિયાઓ રણમાં જાય તો એમના બાળકો કયાં અને કોની પાસે રહી ભણે એ મોટો પ્રશ્ન હતો. આ વિગતો સનતભાઇ એ જાણી અને એમણે અરવિંદભાઈ અને નવીન જોબનપુત્રા અને નટુભાઈ મહેતા સાથે ચર્ચા વિચારણા કરી શ્રમિક સેવા ટ્રસ્ટની સ્થાપના કરી. ટ્રસ્ટનો હેતુ અગરિયાઓને શિક્ષણ દ્વારા વિકાસની તક આપવી એ મુખ્ય હતું. આ માટે ત્રણ આશ્રમશાળાની સ્થાપના કરી જ્યાં હાલ પાંચસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અત્યાર સુધી આ સ્કૂલોમાં હજારો વિદ્યાર્થીઓ ભણી આગળ વધ્યા છે.

આ સ્કૂલ 1. વીરેન્દ્રગઢ આશ્રમ શાળા 2. સાવડા આશ્રમ શાળા 3. દેગામ આશ્રમ શાળા અહીં એક થી આઠ ધોરણ સુધી કન્યા અને કુમાર છાત્રાલયમાં રહી નિઃશુલ્ક અભ્યાસ કરે છે. સરકાર અનુદાનિત છે એટલે બાળકોના રહેવા જમવાની ગ્રાન્ટ મળે છે. શિક્ષકના પગાર ધારા ધોરણ મુજબ મળે છે. ત્રણેય સ્કૂલમાં પાકા મકાન છે. બાળકો રાતે સુવે ત્યાં દિવસે ભણતા હતાં એ જોઈ સુરતની કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટએ બે સ્કૂલમાં અલગ છાત્રાલય બનાવી આપ્યા એટલે હવે બાળકોને અલગ રેસીડેન્સ નિવાસ મળ્યા છે. હવે રણશાળાનો પ્રોજેક્ટ બન્યો હોવાથી અગરિયાઓના બાળકો રણમાં ભણે છે તેમ છતાં સ્કૂલમાં દૂર દૂર થી ભણવા આવે છે. અહીં બે ટાઈમ ભોજન અને બે ટાઈમ નાસ્તો અપાય છે. ભોજન સારું અને પૌષ્ટિક હોય એ સનતભાઇની શરત મુજબ બને છે. આજપણ ત્રણેય સ્કૂલમાં બે પાંચ બાળકો એવા છે જે ચાર વર્ષના છે તે વિદ્યાર્થી નથી પણ માબાપ મજૂરી કરતા હોય મોટા ભાઈ બેન સાથે માનવતાના ધોરણે રહે છે જેથી એમને કોણ રાખશે એ ચિંતામાંથી એમના વાલી મુક્ત રહે છે. કુદરતી વાતાવરણ અને સનિષ્ઠ શિક્ષક ગણ છે. હાલ પ્રમુખ શીતલ સનતભાઇ મહેતા છે. ઉ. પ્ર. તૃપ્તિ અરવિંદભાઈ આચાર્ય અને મંત્રી પ્રદીપ વૈષ્ણવ છે. સંસ્થા બાળકોના પ્રવાસ નોટબૂક અને યુનિફોર્મની વ્યવસ્થા કરે છે કારણ આ બાળકોના માતાપિતા મજૂરી કામ કરતાં હોય એમને આર્થિક મુશ્કેલી ન પડે એ જોવાનું કામ મૂળ ઉદેશમાં છે. દેગામ અને સાવડામાં છાત્રાલય છે પણ વીરેન્દ્ર ગઢમાં એક જ મકાનમાં સવારે સ્કૂલ રાતે નિવાસ એમ ચાલે છે. રણની કાંધી એ આવેલ ત્રણ આશ્રમ શાળામાં એક મુલાકાત લઇ આ બાળકોની દુનિયા જોવા જેવી છે જ્યાં એમણે તેમજ શિક્ષક અને સ્ટાફ મેમ્બર ભેગા થઈ વેસ્ટ માંથી બેસ્ટ બનાવી બગીચો અને બેઠક બનાવેલ છે. જાતે સુંદર રંગકામ કરેલ છે. આવો.. મીઠાના રણમાં મીઠાશ વાવીએ.. સાથે મળીશુ તો જરૂર મીઠા ફળ મળશે.

************

## પર્યાવરણ સંરક્ષણમાં મહિલાઓની ભૂમિકા

એકવીસમી સદીમાં જયારે જ્ઞાન અને વિજ્ઞાનની બોલબાલા વધી રહી છે, ત્યારે વિશ્વ આજે અનેક વૈશ્વિક સમસ્યાઓથી ઘેરાઈ ગયું છે. ગરીબી, બેકારી, વસ્તી વધારો, આંતકવાદ, પર્યાવરણીય અસમતુલા, વગેરે જેવી સમસ્યાઓ દિન પ્રતિદિન વિકરાળ સ્વરૂપ લઇ રહી છે.

આજે વૈશ્વિક લેવલે પૃથ્વી પર તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ઓઝોન સ્તરમાં વધુ ગાબડા પડી રહ્યાં છે. ઋતુઓ અનિયમિત બની છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યા ગંભીર બની છે. આજે વિકાસ અને પ્રગતિની દોટમાં વિશ્વના દેશો પર્યાવરણનું પતન કરી આગેકૂચ કરી રહ્યાં છે. ભાવિ પેઢી માટેનાં સંસાધનો અપ્રાપ્ય બની શકે તેટલી હદે તેનો વપરાશ કરવામાં આવી રહ્યો છે.

પૂજ્ય બાપુ કહેતાં હતાં કે પ્રકૃતિનું રક્ષણ કરો, પર્યાવરણનું જતન અને સંવર્ધન કરો. પ્રકૃતિને બચાવો તો પ્રકૃતિ તમને બચાવશે. સાથે સાથે બાપુએ સામુહિક સંસાધનો પ્રત્યેની આપણી જવાબદારી, તેના ખપપૂરતા વપરાશ અને કરકસરની વાત બાપુએ વર્ષો પહેલા કરી હતી. જે આજે સત્ય બની રહી છે. આજે પ્રકૃતિ વિકરાળ સ્વરૂપ લઈને વાવાઝોડું, વરસાદ, માવઠા, ધરતીકંપ, સુનામી, જવાળામુખી વિસ્ફોટ, અતિ ગરમી કે અતિ ઠંડી જેવાં પ્રતિકૂળ ફેરફારો જોવા મળી રહ્યાં છે. જે સૂચવે છે કે પર્યાવરણનો વિનાશ માનવી કરી રહ્યો છે તેનું પરિણામ કુદરત આપી રહ્યું છે.

વિશ્વ લેવલે પણ SDG 3 – SDG – 13-14-15 માં પણ પર્યાવરણ CONSERVATION ની વાત ભાર પૂર્વક વ્યક્ત કરી વિશ્વના દેશોને એ દિશામાં જાગૃતિપૂર્વક કાર્ય કરવાની નેમ વ્યક્ત કરાઈ છે. G20 શિખર સંમેલનમાં પણ આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પ્રકૃતિનાં જતન અને સંસાધનોના નવીનીકરણ અને સૂર્ય ઉર્જા અને પર્યાવરણીય પ્રદુષણ અંગે ચિંતા વ્યક્ત કરી છે. અને પ્રાચીન ઋષિ પરંપરા મુજબ આપણી રહેણીકરણી, ટેવો સૂચવી છે.

ભારત જેવાં જનસંખ્યાની દ્રષ્ટીએ પ્રથમ એવા દેશમાં સૌ નાગરિકો પર્યાવરણનું જતન કરે તે આવશ્યક બાબત બની ચૂકી છે. ત્યારે ભૂતકાળમાં પણ પર્યાવરણના બચાવ માટે મહિલાઓની ભાગીદારી જોવા મળી છે. મહિલાઓ પર્યાવરણને બચાવવા તેના સંતુલન માટે અગ્રીમ ભૂમિકા ભજવી શકે છે. ચિપકો આંદોલન વખતે પણ વૃક્ષોની સામુહિક કટાઈ વખતે મહિલાઓ વૃક્ષના બચાવ માટે માનવચક્ર બનાવેલ અને વૃક્ષોને કપાતા બચાવેલ. આવી જ વાત રાજસ્થાનમાં અમૃતાની છે. જેણે ખેજડી વૃક્ષના બચાવ માટે અગ્રીમ ફાળો આપેલ.

આજે આપણે એવા એક ભારતીય મહિલાની વાત કરીશું કે જેમણે પર્યાવરણનાં જતન માટે પોતાનું જીવન અર્પું છે તેમનું નામ છે વંદના શિવા કે જેમને વૃક્ષ મહિલા એવું ઉપનામ આપી શકાય. વંદના શિવા એક પર્યાવરણ કાર્યકર્તા, પર્યાવરણ સંબધી નારી અધિકારવાદી અને પર્યાવરણ સંબધી પુસ્તકોના લેખિકા છે.

વંદના શિવાએ કૃષિ અને ખાધ પદાર્થોના ઉપયોગમાં પરિવર્તન લાવવા માટે અથાગ સંઘર્ષ કર્યો હતો. જૈવ વિવિધતા, જૈવ ટેકનીક અને જૈવ નીતિશાસ્ત્ર જેવાં ક્ષેત્રોમાં તેમણે આપેલું યોગદાન અમૂલ્ય છે. સાથે જ તેમણે પર્યાવરણને બચાવવા માટે અનેક આંદોલનમાં પણ નોંધનીય ભૂમિકા ભજવી છે. ઈ.સ.૧૯૭૦ના દાયકામાં અહિંસાત્મક ચિપકો આંદોલનમાં ભાગ લીધો હતો. આ આંદોલનમાં અમુક મહિલાઓ વૃક્ષોને કાપતા અટકાવવા માટે વૃક્ષની ચારે તરફ માનવ ચક્ર તૈયાર કરવાની પદ્ધતિ અપનાવી હતી. આ સિવાય તેમણે

આફ્રિકા, એશિયા, લેટીન અમેરિકા, આર્યલેન્ડ, સ્વીઝરલેન્ડ જેવાં દેશોમાં પણ હરિત આંદોલનમાં મૂળભૂત સંગઠનોને લડવા માટે મદદ કરી હતી.

વંદના શિવાએ આંદોલન સિવાય પ્રકૃતિ અને પર્યાવરણ પર બનેલી અનેક ડોક્યુમેન્ટરી ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે સંજીવ ચેટરજીની ONE WATER, BLUE GOLD, WORLD WATER WARS, FLOW : FOR LOVE OF WATER વગેરે ફિલ્મોમાં અભિનય પણ કર્યો છે. તેમજ ૨૦ જેટલા પર્યાવરણ તેમજ માનવાધિકારો પર પુસ્તકો પણ લખ્યાં છે.

વંદના શિવાને તેમની આ કામગીરી બદલ અનેક એવોર્ડ અને સન્માન મળ્યા છે. વર્ષ ૧૯૯૩માં જેને વૈકલ્પિક નોબલ પુરસ્કાર માનવામાં આવ્યો છે તેવો રાઈટ લાઇવલીહુડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. વધુ એક મહિલા પર્યાવરણ નિષ્ણાતની વાત આવતાં અંકમાં કરીશું.

અસ્તુ
કૌશિકકુમાર પી પ્રજાપતિ
મુખ્ય શિક્ષક [HTAT], SRG OF SS
શ્રી વસાડવા પ્રા શાળા તા.ધ્રાંગધ્રા
મો.ન.૯૪૨૭૭૧૧૪૮૦
મેઈલ – kaushikhtat@gmail.com

## અભિનંદન





દિવ્ય ભાસ્કર
સુરેન્દ્રનગર 03-04-2023

46 માંથી 41 બાળકોએ 100 કરતાં વધારે માર્ક લાવી રેકોર્ડ બનાવ્યો

### ગણપતિ ફાટસર પ્રા. શાળાના 27 વિદ્યાર્થીઓ NMMS પરિક્ષામાં પાસ થવા સાથે રાજ્યમાં પ્રથમ

મેરીટમાં આવનારને દર મહિને રૂ.1000 લેખે કુલ રૂ.48000 સ્કોલરશિપ મળશે

ભાસ્કર ન્યૂઝ | વઢવાણ

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ 2021-22ની એનએમએમએસની પરીક્ષાનું આયોજન કરાયુ હતુ. જેમાં વઢવાણ ગણપતિ ફાટસર શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો .જેનું પરીણામ જાહેર થતાં 27 વિદ્યાર્થીઓ સાથે રાજ્યમાં પ્રથમ આવી છે. જેમાં 46માંથી 41 વિદ્યાર્થીઓએ 100 કરતા વધુ માર્ક મેળવ્યા છે.

વઢવાણની ગણપતિ ફાટસર શાળાએ એનએમએમએ પરીક્ષામાં આ વર્ષે અમારી શાળાએ સમગ્ર જિલ્લામાં અને ગુજરાતમાં ડંકો વગાડી દીધો છે. રેકોર્ડ બ્રેક પરિણામ અદ્વિતીય સફળતા એક જ શાળાના એક સાથે 27 બાળકો મેરીટ સાથે રાજ્યમાં પ્રથમ આવી ઈતિહાસ રચી દીધો છે. મહેનત કરીએ તો સફળતા ચોક્કસ મળે છે. તેનું આ ઉદાહરણ આપતા શાળાના 46 જેટલા બાળકોએ પરીક્ષા આપી હતી અને તમામ વિદ્યાર્થીઓ પાસ થઈ 100 ટકા રિઝલ્ટ આવ્યું છે. 46 માંથી 41 બાળકો 100 કરતાં વધારે માર્ક્સ લાવીને રેકોર્ડ કરી દીધો છે. આ અંગે શાળા આચાર્ય ભલજીભાઇ પારધી, રવિન્દ્રભાઇ પરમારએ જણાવ્યુ કે શાળા પરીવાર અને બાળકોની મહેતન રંગ લાવી છે. આ તમામ બાળકોએ અત્યારથી સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી કરી લીધી છે. શાળા સમય સિવાય રોજ 3 કલાક એક્સ્ટ્રા સમયમાં એનએમએમએસ ક્લાસ ચાલતા હતા રવિવારની રજાઓ અને જાહેર રજાઓના દિવસે પણ ક્લાસ ચાલુ હતા. રાત્રી વાલી તથા વિદ્યાર્થીઓની વાલી મિટિંગ યોજી માર્ગદર્શન આપવામાં આવતું હતું. જેનું આ જવલંત પરિણામ મેળવી રાજ્યમાં પ્રથમ નંબર મળ્યો છે. પીએસઈની પરીક્ષામાં આ વર્ષે અમારી શાળાની વિદ્યાર્થીની કુંજેરા જીયા મેરીટમાં આવી અને વઢવાણ તાલુકાનું ગૌરવ વધાર્યું છે. મેરીટમાં આવનાર દરેક વિદ્યાર્થીને ધો.9 થી 12 સુધી દર મહિને રૂ.1000 લેખે કુલ રૂ.48000 સ્કોલરશીપ મળશે.

■ વઢવાણ ગણપતિ ફાટસર શાળાના વિદ્યાર્થીઓ 100 ટકા પરીણામ સાથે રાજ્યમાં પ્રથમ આવી છે. તસવીર-અસવાર રાજદિપસિંહ



ગણપતિ ફાટસર પ્રાથમિક શાળા, તા. વઢવાણ NMMS ની પરીક્ષામાં આ વર્ષે શાળાએ સમગ્ર જિલ્લામાં અને ગુજરાતમાં ડંકો વગાડી દીધો છે. રેકોર્ડ બ્રેક પરિણામ અદ્વિતીય સફળતા. એક જ શાળાના એક સાથે ૨૭ બાળકો મેરીટમાં આવીને ઇતિહાસ રચી દીધો છે. મહેનત કરીએ તો સફળતા મળે છે તેનું આ ઉદાહરણ છે. શાળાના ૪૬ જેટલા મોટી સંખ્યામાં બાળકોએ પરીક્ષા આપી હતી અને તમામ વિદ્યાર્થીઓ પાસ થઇ ૧૦૦ ટકા રીઝલ્ટ આવ્યું છે. ૪૬ માંથી ૪૧ બાળકો ૧૦૦ કરતાં વધુ માર્ક્સ લાવીને રેકોર્ડ કરી દીધો છે. તમામ બાળકોએ અત્યારથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી લીધી છે. શાળા સમય સિવાય રોજ ત્રણ કલાક એક્સ્ટ્રા સમયમાં ક્લાસ ચાલતા હતા. રવિવાર કે જાહેર રજાઓના દિવસે પણ ક્લાસ ચાલુ હતા. જેનું આ જ્વલંત પરિણામ મળ્યું છે. આ રીઝલ્ટ જ આ શાળાની શૈક્ષણિક સિધ્ધિ દર્શાવે છે.સતત માર્ગદર્શન કરનાર આચાર્યશ્રી ભલજીભાઇ અને સમગ્ર સ્ટાફનો ખૂબ સહકાર રહ્યો છે. ટીમ ફાટસરની મહેનતનું આ પરિણામ છે. અશક્ય ને શક્ય કરી બતાવ્યું છે. PSE ની પરીક્ષામાં આ વર્ષે આ શાળાની વિદ્યાર્થીની કુંજેરા જીયા મેરીટમાં આવી શાળા અને વઢવાણ તાલુકાનું ગૌરવ વધાર્યું છે. શાળા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન....

## વાંચે તે વિચારે

વાંચે તે વિચારે, વિચારે તે વિકસે, વિકસે તે વિકસાવે તે હેતુ અને માતૃભાષા ગુજરાતીના પ્રચાર - પ્રસાર હેતુથી કાર્ય કરવામાં આવ્યું.

બાલસૃષ્ટિ માસિક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા દર મહિને પ્રસિદ્ધ થાય છે. તેના વર્ષમાં 10 અંક આવતા હોય છે. બાળકોના ઈતર વાંચન માટે, એમનું શબ્દભંડોળ વધે, તેમની કલ્પનાશક્તિ વધે, તે ગીતો અને જોડકણા ગાતો થાય બાળ વાર્તા વાંચી અને તેની સમજણમાં વધારો થાય તેમજ બાલસૃષ્ટિમાં આવતી પ્રશ્નબેંકથી એનું જ્ઞાન સમૃદ્ધ બને એવા ઈરાદાથી સમગ્ર આયોજન થયું.

મુકેશભાઈ આ પ્રવૃત્તિ 2007 થી ચલાવે છે. 2019 માં 10508 વિદ્યાર્થીઓના લવાજમ ભરવામાં આવેલા. એ વખતે 1000 થી વધુ વિદ્યાર્થીઓના લવાજમ મુકેશભાઈ દ્વારા ફ્રી માં ભરાયેલા.

બાલસૃષ્ટિના લવાજમ માટે દરેક શાળામાં 5 થી માંડી 30 રૂપિયા શિક્ષકોએ ડોનેશન આપ્યું.

સાયલા તાલુકા માટે પ્રેમની પરબ દ્વારા 10 રૂપિયા, વઢવાણ તાલુકા માટે દર્શન વિદ્યાલય દ્વારા 5 રૂપિયા, થાન માટે 5 રૂપિયા શંકરભાઈ કણઝરીયા તેમજ 10 રૂપિયા લાયન્સ ક્લબ થાનગઢ, ધાંગધ્રામાં રોટરી ક્લબ દ્વારા 10 રૂપિયા ડોનેશન મળેલ.

જિલ્લા કો-ઓર્ડીનેટર મુકેશભાઈ બદ્રેશીયા તરફથી હોશિયાર તેમજ લવાજમ ભરી શકે નહીં તેવા 344 શાળાના 900 વિદ્યાર્થીઓના બાલસૃષ્ટિના લવાજમ ભરવામાં આવ્યા. જેથી તેઓ બાલસૃષ્ટિ નો લાભ મેળવી શકે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રચાર્ય સી.ટી.ટુડિયા સાહેબ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીના માર્ગદર્શનથી આ કાર્ય કરવામાં આવ્યું.

**: તાલુકા પ્રમાણે સંખ્યા :**

| | | | | |
|---|---|---|---|---|
| વઢવાણ - 4773 | લીંબડી-818 | ચુડા-296 | સાયલા -3016 | ચોટીલા-1101 |
| મૂળી-1299 | થાનગઢ - 1468 | લખતર-1394 | ધાંગધ્રા - 2405 | પાટડી-1836 |

વાલીઓ, શિક્ષકો, આચાર્યશ્રીઓ, સી.આર.સી. મિત્રો, બીઆર.સી. મિત્રો, તાલુકા પ્રા.શિક્ષણ અધિકારી મિત્રોના સાથથી સુ.નગર જિલ્લાની 344 શાળામાં 18406 બાલસૃષ્ટિના લવાજમ ભરાયા છે.

**જેમાં દરેક તાલુકા વાઈઝ કો. ઓ.ની જવાબદારી સોંપવામાં આવી :**

**: તાલુકા કો.ઓર્ડીનેટર :**

વઢવાણ ગ્રામ્ય-કિશોરભાઈ ચાવડા
સુ.નગર શહેર-રફિયુદીનભાઈ સૈયદ
લીંબડી-પ્રવીણ ભાઈ રેથળીયા
ચુડા-નરેન્દ્ર ભાઈ ચૌહાણ
સાયલા -હિતેશભાઈ વ્હાણેચા
ચોટીલા-જયસુખભાઇ વાઘેલા
મૂળી-કાંતિભાઈ ભાયાણી
થાનગઢ - શંકરભાઈ કણઝરિયા
લખતર-ભરતભાઈ જેસડિયા
ધાંગધ્રા - કૌશિકભાઈ પ્રજાપતિ
પાટડી-ભગવતદાન ગઢવી

**: જિલ્લાના કો.ઓર્ડીનેટર :**


મુકેશભાઈ બદ્રેશિયા



આપના સહકારની અપેક્ષા સાથે...

**- મુકેશભાઈ બદ્રેશિયા**
શાળા નંબર-17, સુરેન્દ્રનગર

## STEM LAB હેન્ડ્સ ઓન અંતર્ગત વિજ્ઞાન અને ગણિત તાલીમ




STEM LAB હેન્ડ્સ ઓન અંતર્ગત વિજ્ઞાન અને ગણિત વિષય તાલીમ અંતર્ગત ડાયેટ દ્વારા SOE શાળાના ૫૦ તેમજ આશ્રમશાળાના શિક્ષકોને તાલીમ આપવા માટે તા. ૧ થી ૩ માર્ચ ૨૦૨૩ એમ ત્રણ દિવસ અને ૯ થી ૧૦ માર્ચ ૨૦૨૩ એમ બે દિવસ અનુક્રમે વિજ્ઞાન અને ગણિત વિષય તાલીમનું આયોજન કરવામાં આવ્યું. વિજ્ઞાન વિષયમાં ઉદય મકવાણા સુરેન્દ્રનગર શાળા -૫, નદીમખાન પઠાણ મેવાસા-સુ પ્રા.શાળા, નિરવ રાવલ ખાંભડા પ્રા.શાળા તેમજ ગણિત વિષયમાં હાર્દિક ડી પટેલ, ચમારજ પ્રા.શાળા, આશિષ લકુમ જૂની મોરવાડ, કેતન જોશી દિગસરશાળા તજજ્ઞ તરીકે કામગીરી કરેલ હતી. તાલીમ દરમિયાન પ્રિ ટેસ્ટ, પોસ્ટ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમનું સમગ્રતયા સંચાલન ડૉ.આર.ડી.પિતલિયા અને ડૉ.કે.આર.પંડ્યાએ કર્યું હતું.

## ધોરણ ૫ અંગ્રેજી તાલીમ

ધોરણ 5 અંગ્રેજી નેવીગેટર તાલીમ અંતર્ગત ડાયેટ દ્વારા સમગ્ર જીલ્લાના શિક્ષકોને તાલીમ આપવા માટે તા. 14 માર્ચ 2023 ના રોજ એમ.ટી. તાલીમનું આયોજન કરવામાં આવ્યું. તાલુકાદીઠ નિયત સંખ્યામાં માસ્ટર ટ્રેનર્સને રિસોર્સ પર્સન દ્વારા તાલીમ આપવામાં આવી. નિલેશ ગજ્જર, નીતિન પંચાલ અને નેહા રાવલ દ્વારા વિવિધ પ્રવૃત્તિ આધારિત તાલીમ આપવામાં આવી. તાલીમનું સમગ્રતયા સંચાલન ડૉ.કે.આર.પંડ્યાએ કર્યું હતું.

તા. 16 થી 17 માર્ચ સમગ્ર જીલ્લાના ધોરણ 5માં અંગ્રેજી ભાષા શીખવતા શિક્ષકોને અંગ્રેજી નેવીગેટર તાલીમ આપવામાં આવી હતી. વિવિધ પ્રવૃત્તિ આધારિત તાલીમ દ્વારા અંગ્રેજી શિક્ષણ સરળતાથી આપવા માટે શિક્ષકોને માહિતગાર કરવામાં આવ્યા.



**ધોરણ ૫ અંગ્રેજી શિક્ષકોની તાલીમનું આયોજન થાનગઢ મુકામે કરવામાં આવ્યું**

@ થાનગઢ તસ્વીર: જનયુગ દૈનિક

થાનગઢ:જી.સી.ઇ.આર.ટી. આયોજિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર માર્ગદર્શિત બેદિવસીય ધોરણ ૫ અંગ્રેજી શિક્ષકોની તાલીમ નું આયોજન થાનગઢ મુકામે કરવામાં આવ્યું હતું.આ તાલીમ વર્ગ માં થાનગઢ તાલુકા ના ૫૭ શિક્ષકો જોડાયા હતા. બાળકોને નવી શિક્ષણનીતિ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિ , અંગ્રેજી રમતો ,અંગ્રેજી રાયમ્સ, અંગ્રેજી બાળગીતો વગેરે જેવી ઉપયોગી માહિતીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બી આર સી કો ડિનેટર પ્રિયંકકુમાર કોટી ઉપસ્થિત રહ્યા હતા.તેમજ તજજ્ઞ તરીકે મનીષભાઈ, મનોજ ભાઈ , રાજેશભાઈ એ કામગીરી નિભાવી હતી .તાલીમ ના સુચારું આયોજન માટે બી આર પી અમિત ભાઈ તથા સ્ટાફે પ્રયાસ કર્યા હતા.






## ''ડીજીટલ મેથ્સલેબ''-ગણિત શિક્ષણનું એક ઓનલાઇન પ્લેટફોર્મ


તારીખ ૧૨ અને ૧૩ જાન્યુઆરી-૨૦૨૩ ના રોજ શ્રી દાદા ભગવાન ત્રિમંદિર ખાતે સુરેન્દ્રનગર જીલ્લા કક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ યોજાયો હતો. જેમાં જીલ્લાના કુલ ૪૭ શિક્ષકોએ પોતાના ઇનોવેશન રજૂ કર્યા હતા. જેમાં શ્રી ચમારજ પે સેન્ટર શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક શ્રી હાર્દિકભાઇ ડી. પટેલે પણ પોતાનું ઇનોવેશન રજૂ કર્યુ હતું. ઇનોવેશનનું શિર્ષક હતું ''ડીજીટલ મેથ્સલેબ''. આ ઇનોવેશનની જીલ્લાના શ્રેષ્ઠ પાંચ ઇનોવેશનમાં પસંદગી થઇ હતી. જેથી તેમણે તા. ૨૩ થી ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૩ દરમિયાન ઇડર ડાયેટ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલમાં સુરેન્દ્રનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

રાજ્ય કક્ષાએ અલગ અલગ જીલ્લાના કુલ ૧૭૫ જેટલા ઇનોવેશન રજૂ થયા હતા. રજૂ થયેલ ઇનોવેશનમાંથી પણ અમુક શ્રેષ્ઠ ઇનોવેશન પસંદ કરવા માટે GCERT દ્વારા મૂલ્યાંકન પદ્ધતિ યોજવામાં આવી હતી. જેમાં નિર્ણાયકશ્રીઓ અને પ્રદર્શન નિહાળવા આવનાર શિક્ષકોએ પોતાના મંતવ્યો આપવાના હતા. જેના પરિણામ સ્વરૂપ સમગ્ર રાજ્યમાંથી ૩૦ જેટલા ઇનોવેશન પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં હાર્દિકભાઇ દ્વારા રજૂ થયેલ ઇનોવેશન ''ડીજીટલ મેથ્સલેબ'' પણ પસંદ થયેલ હતું.

દર વર્ષે યોજાતા વિજ્ઞાન મેળામાં અગાઉ શાળાએ ગણિત-વિજ્ઞાન શિક્ષણને લગતી ઘણી બધી કૃતિઓ રજૂ કરી હતી. પરંતુ આ મટીરીયલ મોટેભાગે કાર્ડશીટ અથવા લાકડાની શીટમાંથી બનેલ હોવાથી તેની ઘણી બધી મર્યાદાઓ રહેતી. તેનો ઉપયોગ મર્યાદિત બાળકો જ કરી શકતા અને વારંવાર ઉપયોગ થવાથી તેમાં ઘસારો લાગતો. તે તૂટી જવાની પણ સંભાવના રહેતી. આથી હાર્દિકભાઇએ આ બધા મટીરીયલને ડીજીટલ સ્વરૂપ આપવાનું નક્કી કર્યુ. જેથી દરેક વિદ્યાર્થી પોતાના મોબાઇલમાં જ તેનો ઉપયોગ કરી શકે. આ માટે તેમણે Geogebra એપ્લીકેશનનો ઉપયોગ કર્યો હતો.

■ **નીચેના મુદ્દાઓને શીખવવા માટે ડીજીટલ સામગ્રી બનાવવામાં આવી છે.**

| | |
|---|---|
| (૧) તત્વોની પરમાણું રચના | (૨) બહિર્ગોળ લેન્સ વડે રચાતા પ્રતિબિંબો |
| (૩) ઓટોમેટીક સ્તંભ-આલેખ | (૪) એનીમેશન વડે સરવાળા |
| (૫) એનીમેશન વડે બાદબાકી | (૬) વર્તુળના ક્ષેત્રફળના સૂત્રની ભૌમિતિક સાબિતી |
| (૭) વર્તુળના અંગોનો પરિચય | (૮) ચતુષ્કોણના પ્રકારો અને તેમના ગુણધર્મો |
| (૯) વિસ્તરણ સૂત્રોની ભૌમિતિક સાબિતી | (૧૦) સાદુ વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ |
| (૧૧) સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ | (૧૨) રોમન નંબર્સ |




વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ ડીજીટલ મોડેલ્સનો સરળતાથી ઉપયોગ કરી શકે એ માટે એને એક વેબસાઇટ બનાવીને એના પર અપલોડ કરવામાં આવેલ છે. કોઇપણ બ્રાઉઝરમાં તમે વેબ એડ્રેસ www.mathslab.org પર જઇને આ ડીજીટલ મોડેલ્સનો ઉપયોગ કરી શકો છો.

**- ડૉ. કે. આર. પંડ્યા**
વ્યાખ્યાતા, IFIC
સુરેન્દ્રનગર DIET

## અજયનો વિજય (સંઘર્ષ કથા)

પોતાના માતાપિતા સાથે મજૂરી અર્થે છેક મધ્યપ્રદેશથી ટીડાણા આવ્યો. ગામની પ્રણાલી પ્રમાણે ગામમાં આવતા મજૂરવર્ગનાં બાળકને ભણવાની ઉંમર થાય એટલે તેના શેઠ તેને ભણવા તો અવશ્ય મૂકે જ. અજયને પણ પહેલીવાર વિક્રમભાઇ ગાંગડીયા શાળા જોવા લઇ આવ્યા અને શાળામાં એડમીશન અપાવ્યું. તે સમયે અજય માત્ર ૫ વર્ષનો. તેને ગુજરાતી તો આવડે પણ થોડું થોડું પણ હિન્દીથી તે પરિચિત. પહેલાં ધોરણમાં અભ્યાસ કરવાનું શરૂ કર્યુ. ભણવામાં ખૂબ જ ધગશવાળો અજય ઝડપથી શીખવા લાગ્યો. બીજા ધોરણમાં તો તેને ગુજરાતી, હિન્દી અને થોડું થોડું અંગ્રેજી પણ શીખી લીધું. તેનામાં રહેલી પ્રતિભા જોઇ શાળાના આચાર્યશ્રી એ ધોરણ ૨માં અજયને ૧ થી ૫ નાં બાળકોનો કમ્પ્યૂટર મંત્રી બનાવી દીધો. પછી તો પૂછવું જ શું તે કમ્પ્યૂટર પણ રસથી શીખવા લાગ્યો. અજય તો ખુબજ ખુશ ખુશ રહેવા લાગ્યો. કારણ કે હવે તેને શાળામાં ખુબ જ ફાવી ગયું હતું. પણ કુદરતે અજયનાં જીવનમાં સંઘર્ષ લખ્યો હતો. તેના માતા-પિતા હવે પોરબંદર જિલ્લામાં મજૂરી અર્થે જવાના હતા ત્યારે અજયનાં શિક્ષણનો પ્રશ્ન આવ્યો. ત્યારે અજયે કહ્યું કે અમારે તો જવું જ પડશે તું ક્યાં રહીશ ? કોની સાથે રહીશ ? ત્યારે અજયે કહ્યું કે હું વાડી એ એકલો રહીશ પણ ભણીશ તો અહીં જ જનવાનું પણ જાતે બનાવીશ. તેની જીદ આગળ માતા પિતાએ ઝૂકવું પડ્યું. તેમના શેઠે કહ્યું કે હું ખ્યાલ રાખીશ તમે ચિંતા કર્યા વગર જાવ. અજય અહિંયા રહેશે.

બીજા ધોરણમાં અભ્યાસ કરતો અજય તો સવારે જાતે નાહી, કપડાં ધોઇ શાળાએ આવવા લાગ્યો, બપોરે મધ્યાહન ભોજન યોજનામાં જમી લેવાનું, સાંજે તેના જૂના શેઠને ત્યાંથી વસ્તુ લાવી જાતે બટેકાનું શાક અને રોટલી બનાવવાનું ને જમવાનું. એકપણ દિવસ ગેરહાજર રહેવાનું નહિ. કારણકે બપોરનું ભોજન શાળામાં લેવાનું હતું. રજાના દિવસે તેના શેઠનાં ત્યાં અથવા જાતે બનાવી જમી લેવાનું. આમ અજયે એકલો રહી બીજું ધોરણ પુરું કર્યું. પણ સંઘર્ષ તેનો પીછો છોડાવા રાજી ન હતો. વેકેશન પહેલાં પહેલાં તેના પિતાજીને અસાધ્ય રોગ થયો અને ખુબજ નાની ઉંમરમાં તેમનું અવસાન થયું. આ સમાચાર ગામમાં ફેલાઇ ગયા ત્યારે ગામમાં રહેતા નિર્મળભાઇ શાળાએ આવ્યાને કહ્યું કે સાહેબ અજયના પપ્પાનું અવસાન થયું છે, ને હવે તેના માતાજીએ નક્કી કર્યું કે હવે તે પોતાના દેશમાં રહેવા જતા રહેવાનું છે. હું તેને કાલે તેના દેશમાં જવાનો છું. અજયને પિતાના અવસાનનાં સમાચાર આપ્યા નથી. પણ હા સાહેબ હવે અજય લગભગ પાછો નહિ આવે. તે દિવસે શિક્ષકની આંખો ભીની થઇ ગઇ. અજય પોતાના પપ્પાની અંતિમ વિધિ પૂરી કરવા તેના દેશ મધ્યપ્રદેશનાં ચીખોડા, તા. ચખોલા, જિલ્લો : અલીરાજપુર. ગામમાં ગયો. તમામ અંતિમ વિધિ પૂરી કર્યા બાદ તેના મમ્મીને કહ્યું કે મારે મારો અભ્યાસ પૂર્ણ કરવો છે. માતા એ અને તેના નાના એ તેને ઘણો સમજાવ્યો પણ તે એકનો બે ના થયો. એટલે તેના નાનાએ મૂકવા ગયા હતા તે નિર્મળભાઇને ફોન કરી વાત સમજાવી.

નિર્મળભાઇ તેના જીવનમાં દેવદૂત બનીને આવ્યા તેમણે કહ્યું કે હું અજયને મારા ઘરે મારા સંતાનોની સાથે રાખીશ અને જ્યાં સુધી એને ભણાવીશ. એમ કહી તે ત્યાં તેને ટીડાણા લઇ આવ્યા હવે અજય તો શાળાનો લાડકો વિદ્યાર્થી બની ગયો. બીજી બાજુ નિર્મળભાઇ અને તેમના પત્ની તેને પોતાના સંતાન કરતા પણ વિશેષ સાચવે છે, તે

સાંભળી આનંદ થતો. નિર્મળભાઇ અમારી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તમામ શિક્ષકો તેને પ્રેમથી રાખે શાળામાં કંઇપણ ગિફ્ટ આવે તો પહેલા અજયને મળે. તમામ બાળકો પણ અજયને સારી રીતે રાખે. શિક્ષકો પણ તેના અભ્યાસથી ખુશ ખુશ. શિક્ષકોએ નિર્મળભાઇને પણ પોતાની રીતે મદદ કરવાની ખાત્રી આપી. પણ આચાર્યના મનમાં એક વિચાર કે આવું કેટલા વર્ષ ચાલશે. અજય મોટો થશે પછી શું ??? તે વિચારે ચિંતા વધારી દીધી. આચાર્ય સામે બે જ રસ્તા દેખાયા સરકારની બે યોજનાઓ DLSS અને નવોદય વિદ્યાલયમાં પ્રવેશ જેમ તેમ મહેનત કરીને અજયને આ બંનેમાંથી એકમાં એડમિશન અપાવવું કોરોના સમયમાં DLSS યોજના અમલમાં ન મૂકવામાં આવી. ત્યારબાદ પણ ઉંમરમાં નાનો હોવાના કારણે અજયને તેમાં લાભ ન મળ્યો. પણ કુદરત હંમેશા સાચા વ્યક્તિને સાથ આપે છે, નિર્મળભાઇનો દીકરો DLSS માં લાગી ગયો. નિર્મળભાઇ એ કહ્યું કે સાહેબ હવે એક દીકરાની ચિંતા સરકાર કરશે, બીજાની હું કરીશ. આપણે બીજા વર્ષે અજયને DLSS માં લઇ આવશું પણ બન્યું એવું કે અજય પાંચમાં ધોરણમાં પહોંચ્યો ત્યારે ખેલ મહાકુંભ યોજાયો જ નહિ અને DLSS યોજના આવી જ નહિ. છેવટે એક રસ્તો બંધ થયો. હવે એક રસ્તો નવોદય વિદ્યાલયમાં પ્રવેશ બાકી હતો. શાળા તરફથી અજયને પુસ્તક લાવી આપવામાં આવ્યા અને સવારના સમયમાં શાળામાં અભ્યાસ કરે તેવી વ્યવસ્થા કરવાનું આયોજન કરવામાં આવ્યું. CET પરીક્ષાની પણ તૈયારી કરાવવામાં આવી. કહેવાય છે કે સારા હેતુથી કરવામાં આવેલ કાર્ય સફળ થાય જ છે. હવે પાંચ વર્ષના સંઘર્ષનું પરિણામ આવવાનું હતું. અજયની અભ્યાસ કરવાની જીદનું પરિણામ આવવાનું હતું. નિર્મળભાઇ અને તેમના પત્નીનાં ત્યાગ અને સેવાનું પરિણામ આવવાનું હતું. શિક્ષકોની અજયના ભવિષ્યની ચિંતાનું પરિણામ આવવાનું હતું છેવટે લઇ કાલે પરિણામ આવી જ ગયું. અજય નવોદય વિદ્યાલયની પરીક્ષામાં પાસ થઇ ગયો...




@ the smart school Tidana
જેતાવત મહિપાલસિંહ એસ. (આચાર્યશ્રી)
રાઓલ શિલ્પાબા વી. (ધોરણ ૧ અને ૨ ના શિક્ષક)
દલસાણીયા મહેશભાઇ એમ. (ધોરણ ૩ થી ૫ શિક્ષક)
દાનીધારિયા યોગસિદ્ધિબેન વી. (ધોરણ ૩ થી ૫ ના શિક્ષક)

**મનુષ્યના શરીર, મન અને આત્મામાં રહેલાં ઉત્તમ અંશોનું પ્રગટીકરણ એટલે કેળવણી.**

## તમારા બાળકોને કિંમતની કિંમત ખબર છે ?

શિર્ષક અટપટુ લાગ્યું હશે, પણ સમજવું હોય તો સમજાવું એમ નહિ કહું વિચારવું હોય તો કહું એમ કહીશ. કારણકે આજકાલ એવું જ સાંભળીએ છીએ કે મંદીનો માહોલ છે, મોંઘવારી ખુબ છે. સસ્તો ફક્ત માનવી એવો નિબંધ પણ તમારા સંતાનોને પરીક્ષામાં પૂછાતો હશે. મોંઘવારીને આપણે જ આપણા સંતાનોની જેમ મોટી કરી રહ્યા છીએ. કઇરીતે એ અહીંયા લખ્યું છે, પણ તમને કદાચ આ લેખ વાંચવાનો સમય પણ નહી હોય, લગ્નની સીઝન છે તો ક્યાંકને ક્યાંક જમવા જવાનું હશે ને ! અને તમારા બાળકોને પણ સાથે લઇ જશો રાઇટ ? તો ચાલો જઇએ. આપણે સારા પ્રસંગે પહોંચી તો જઇએ છીએ પણ આપણી ડાયરેક્ટ દેખાદેખી આપણા સંતાનો ઇનડાયરેક્ટલી જોતા હોય છે, શીખતા હોય છે અને પછી આપણી ઇચ્છા મુજબ એ આપણા જેવા જ બનતા હોય છે. ક્યારેય વિચાર્યું કે પાંચ કે સાત વર્ષનું બાળક ભોજનની ૫૦૦ થી ૬૦૦ રૂપિયાની ડીશ પોતાની અલગ લે છે. અને સ્વાભાવિક છે એ ડીશને એટલો ન્યાય નહિ આપી શકે. થોડું ખાશે થોડું ઢોળશે અને બાકીનું એઠું છોડી દેશે. ત્યારે એને ખબર નથી કે એને ૫૦૦ ની એક નોટ વેડફી. આપના પેસા નહિ તો કયા હુઆ પેસા તો પેસા હે.

તમે ક્યારેય તમારા બાળક પાસે એવું બોલ્યા છો કે ''આ બધું એનું જ છે ને !'' એના સુષુપ્ત મગજમાં એટલું તો તમે સેટ કરી જ દીધું છે કે હું કહી જ નહિ કરું તોય મમ્મી પપ્પાનું છે એ મારું થશે જ હવે મહાશયને કોણ સમજાવે કે ઓ બેટાજી, અરે ઓ બાબુજી કિસ્મત કી હવા હોય પણ મહેનતની દવા ન હોય. મહેનત કરીને પૈસા કમાતા શીખવવા માટે માતાપિતાનલ સંઘર્ષ એ જુએ એ જરૂરી છે.

શું તમે ક્યારેય તમારું બાળક સાંભળે એમ એવું બોલ્યા છો કે મારે આ બિઝનેશમાં શાંતિ છે, જાજી ઝફા નહિ ને એ...ય બેઠા બેઠા પૈસા મળે. તો જનાબ તમે એના નાનકડા મગજમાં મગજમારી વગર પૈસા કેમ કમાવવા એના ઓપશનને સંતાડી રહ્યા છો. ક્યારેક એનો થપ્પો થઇ જશે હો...

તમે લાડ સાહેબને એમ પણ કહેતા હશો કે નથી ભાવતું તો રહેવા દે, તને જે ભાવે તે ખા બેટા. અને બેટા બટર પરાઠા પડતા મૂકીને મટર પરાઠા મંગાવે. એને ખબર છે કે એ એઠી મૂકેલી ડીશને ધોનારના એની જ ઉંમરના સંતાનના નસીબમાં આવા ઓપશન નથી.

આ બધા તો અમુક જ ઉદાહરણ હતા પણ અબ કરે ક્યા એના ઉપર થોડું ફોકસ કરીએ અને just chill guys સબ સમસ્યા કા હલ નીકળતા હે એમ માનીને ચાલો વિચારીએ કે માતા પિતાએ એવું શું કરવું જોઇએ કે એમનું સંતાન કિંમતની કિંમત સમજે.

૧. લગ્ન પ્રસંગોમાં મિત્રો સાથે ગપાટા મારવામાં એટલા બીઝી ન થઇ જઇએ કે બાળકો ડેકોરેશનના કેટલા ફૂલ તોડીને રમવા માંડે છે એની આપણને

ખબર જ ન હોય.

૨. બહાર ફરવા જવાનું હોય ત્યારે દરેક વખતે જુદા અને નવા કપડાં જ લેવા એની ટેવથી દૂર રાખીએ.

૩. વર્ષમાં એકાદવાર પ્રકૃત્તિના સાનિધ્યમાં ઓછી જરૂરિયાત હોય એવા પ્રવાસ સંતાન સાથે કરીએ.

૪. પોતાના બાળકો સામે જ પોતાની સક્સેસના બણગા ન ફૂંકીએ અને બીજા તમને માન આપે ત્યારે પુરી વિનમ્રતા દાખવીએ.

૫. એને શાકભાજી કે અન્ય વસ્તુઓ લેવા સાથે લઇ જઇએ અને હા એની સામે જ બે જગ્યાના ભાવની સરખામણી કરીએ.

૬. પોતાના ભાઇ-બહેનને પોતાના કપડાં કે વસ્તુઓ આપવાની અને લેવાની ટેવ પાડીએ.

૭. સંતાનો પાછળ પોતાના બજેટ કરતા એક સ્ટેપ ઓછો ખર્ચ કરીએ.

૮. કોઇ વસ્તુઓ રીપેર કરવાથી ચાલે એમ હોય ત્યાં સુધી નવી લેવાનું ટાળીએ.

૯. તેના મિત્રો આર્થિક રીતે સંપન્ન હોય એના કરતા જ્ઞાનસમૃદ્ધ છે કે નહિ તેની કાળજી લઇએ.

૧૦. પોતાના સંતાનને એવું રિયલાઇઝ કરાવીએ કે તે સૌથી વધુ કિંમતી છે.

આટલું તો કરીએ જ અને સાથે સાથે આ લેખ વાંચતા વાંચતા તમને જે જે બીજા વિચારો આવ્યા એનું પાલન કરીએ. તો કદાચ આટલી મોંઘવારી નહિ નડે. All the best.

**- સંજ્ઞા આચાર્ય**

**HTAT, રાજસીતાપુર**

**સુરેન્દ્રનગર.**

શિક્ષક માત્ર સફળતાનો માર્ગ જ બતાવી શકે છે,
પરંતુ એ માર્ગ પર ચાલવાનું તમારે છે.
જે નમતો નથી તે તૂટે છે, માટે હંમેશા અહંકારથી દૂર રહો.
તમે જે વિચારો છો તેવુ જ કરો છો.
ધ્યેય પ્રાપ્ત કરવા માટે તમારો પોતાનો માર્ગ બનાવો,
બીજાના માર્ગ પર ન ચાલો.

## ચાલ બીરબલ બુદ્ધિ ચલાવ- સામાજિક વિજ્ઞાન ઇનોવેશન

વંદનાબેન સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાની શ્રી વાડલા પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમણે ધોરણ 6 થી 8 ના બાળકો સામાજિક વિજ્ઞાન રસપ્રદ રીતે શીખતા થાય, તર્કશક્તિ, સર્જનાત્મકતા વિકસે, મનની શક્તિઓ ખિલાવવાની ઉત્સુક્તા વધે, અધ્યાપન કાર્યને સમજે અને શીખવાનો ઉત્સાહ વધે, લાંબો સમય યાદ રહે, લેખનશૈલી વિકસે તેમજ વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન પ્રત્યે હકારાત્મક વલણ અપનાવે તે માટે આ નવસંસ્કરણ વિચાર્યું અને આ પ્રયોગ હાથ ધર્યો.

ધોરણ 6 થી 8ના ગ્રામ્ય વિસ્તારમાં બાળકોમાં અભ્યાસ પ્રત્યે અરુચિ હોવાથી બાળકોને માહિતીદર્શક અભ્યાસક્રમ યાદ રાખવામાં અઘરો લાગતો હતો. વાર્તાની જેમ સમજે પણ ચોક્કસાઈ પૂર્વક ઇતિહાસની ઘટનાઓ તેમને યાદ રહેતી ન હતી. સામાજિક વિજ્ઞાનના માહિતીદર્શક અભ્યાસક્રમને અભિરુચિ સાથે સાંકળવા અધ્યયન કાર્યમાં ગોખણપટ્ટી દૂર કરી ગમ્મત સાથે જ્ઞાન આપવા, ઘટનાઓને ક્રમબદ્ધ પ્રસ્તુત કરાવવા, મૂલ્યાંકન માટે માનસિક ભારણ ઘટાડીને આત્મવિશ્વાસ કેળવવા માટેના સંભવિત ઉપાયો પૈકી તેમણે આ ***level up games*** દ્વારા વધુ અસરકારક શિક્ષણકાર્ય કરવા પ્રયત્ન કર્યા..

બાળકો માટે વિવિધ ખંડોના પ્રાણીઓના ચિત્રોની ***"jigsaw"*** પઝલ ગેમ બનાવી તેમાં બાળકોનો સારો પ્રતિભાવ મળ્યો. ગમ્મત સાથે મૂલ્યાંકન પણ થઈ શક્યું ત્યારબાદ બાળકોને સામાજિક વિજ્ઞાનમાં જ્વાળામુખીનુ પ્રસ્ફોટન થાય તે પ્રયોગ કરી સમજાવવા પ્રયત્ન કર્યો. તેમાં બાળકોને મજા પડી ગઈ. ત્યાર બાદ આવા કંઈ કેટલાય ચાર્ટ્સ, મોડેલ વગેરે બનાવવાની શરૂઆત થઈ. બાળકોને સામાજિક વિજ્ઞાન વિષય પસંદ આવવા લાગ્યો. ટુકનોંધ તથા વિવિધ મુદ્દાઓની ***"jigsaw "*** પઝલ, જોડકા જોડો, સ્થાન, ખરા-ખોટા, મને ઓળખો, ટુકનોંધ માટે પઝલ,અન્ય કોયડા ઉકેલ, હાઉસી, ટ્રુથ ઍન્ડ ડેર, બ્લૉકસ ગેમ્સનું નિર્માણ કર્યું. દરેક પાઠને અનુરૂપ **"ચાલ બિરબલ બુદ્ધિ ચલાવ"** પઝલ ગેમ બનાવી.

"મેઘધનુષ્યના સંગે આભમાં સજીએ,વાદળ વાદળ નીચે વરસીએ.." સાપસીડીની રમતને વાદળ મેઘધનુષ્યની નવી રીતે પ્રસ્તુત કરી જેથી બાળકોને આકર્ષક રમત બની..તે રમવાથી બાળકોને સરળતાથી યાદ રહે છે. તેના આધારે બાળકો નાવિન્યપૂર્ણ વિચારોથી ટોપિક સમજીને યાદ રાખતા થયા. ભૂમિસ્વરૂપોને સરળતાથી મહાવરો કરી યાદ રાખવા લાગ્યા.પ્રકરણની સમજૂતી આપ્યા બાદ એકથી બે તાસ દરમિયાન મૂલ્યાંકન કરી શકાય આ નવસંસ્કરણની FLN આધારિત ગેમ્સ ધોરણ 5 માં પણ ઉપયોગી બની શકે છે. આ દરેક રમતો અધ્યયન નિષ્પત્તિ ને અનુરૂપ છે જે અધ્યયન તેમજ મૂલ્યાંકન બંને માટે ઉપયોગી બને છે. ઉત્સાહભેર બાળકો અભ્યાસ કરે છે. રિસેસ સમય દરમિયાન પણ પુસ્તકો વાંચવા બેસે છે. પાઠનો મહાવરો વારંવાર કરે છે જેથી તેઓ પણ પઝલ ગેમ રમી જીત મેળવી શકે.

**- બલભદ્ર વંદનાબેન કિશોરભાઈ**
**શ્રી વાડલા પ્રાથમિક શાળા**


# ટીચર સ્કૂલ ઈનોવેશન પ્રવૃત્તિ



















## સ્થાપી તો જૂઓ

ઝાડને કાપો નહીં સ્થાપી જૂઓ
એ પછી ભીનાશને માપી જૂઓ.

પાનની લીલાશમાં રણછોડ છે,
વૃક્ષ ગીતા જ્ઞાન લાધી જૂઓ.

લક્કડ કોંટે ચીરાતા વૃક્ષો ચીખે,
બારણાને ઝાડમાં વાવી જૂઓ.

કલ્પવૃક્ષે કામધેનુ તો મળે,
છોડ લીલાં આગણે વાવી જૂઓ.

સાત પેઢી માનવીની ડૂબશે,
વેણ સંતુલનના ઉથાપી જૂઓ.

ઝાડ શીખવે છે સંપીને રહો,
વાત સાદી ને સરળ લાવી જૂઓ.

**– દિલીપ ઘાસવાલા**



**બુક-પોસ્ટ**

To ______________________________

______________________________

______________________________

**<u>રવાના :</u>**
શ્રી ઝવેરચંદ મેઘાણી
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
સુરેન્દ્રનગર